૬૩૪-૨૦૧-૨-૨૦૧૬

# ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટી કોર્ટની વાર્ષિક સભા ગુજરાત યુનિવર્સિટીના કોર્ટ ખંડમાં શનિવાર, તા.૩૦/૩/૨૦૧૪ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે મળી હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી ડો. એમ. એન. પટેલે સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

| ક્રમાંક | સભ્યનું નામ | તા.૩૦/૩/૨૦૧૪ |
|---|---|---|
| ૧. | માન. ડો. કમલા બેનીવાલ | ગેરહાજર |
| ૨. | ડૉ. એમ. એન. પટેલ | હાજર |
| ૩. | ડો. મુકુલભાઇ શાહ | હાજર |
| ૪. | ડો. આદેશ પાલ | ગેરહાજર |
| ૫. | ડો. બી. વી. પટેલ | હાજર |
| ૬. | ડો. યોગેશભાઇ પારેખ | હાજર |
| ૭. | ધ કમિશ્નર ઓફ હાયર એજ્યુકેશન | ગેરહાજર |
| ૮. | ધ ડાયરેકટર ઓફ ટેકનીકલ એજ્યુકેશન | ગેરહાજર |
| ૯. | ધ કમિશ્નર ઓફ હેલ્થ એન્ડ મેડીકલ સર્વિસ અને મેડીકલ એજ્યુકેશન, | ગેરહાજર |
| ૧૦. | ધ ડાયરેકટર ઓફ એમ્પલોયમેન્ટ એન્ડ ટ્રેનીંગ, | હાજર |
| ૧૧. | ધ કમિશ્નર ઓફ ફૂડ એન્ડ ડ્રગ્સ કન્ટ્રોલ એડમીનીસ્ટેશન | ગેરહાજર |
| ૧૨. | ચેરમેન, ગુજરાત સેકન્ડરી એજ્યુકેશન બોર્ડ | ગેરહાજર |
| ૧૩. | શ્રી હસમુખભાઇ એસ. પટેલ | ગેરહાજર |
| ૧૪. | શ્રી અરવિંદકુમાર જી. પટેલ | ગેરહાજર |
| ૧૫. | શ્રી જીજ્ઞેશકુમાર ઉમેદરાય પંડ્યા | હાજર |
| ૧૬. | શ્રી શંકરભાઇ પટેલ | ગેરહાજર |
| ૧૭. | શ્રી પંકજભાઈ ગીરજાપ્રસાદ ઠાકર | ગેરહાજર |
| ૧૮. | શ્રી ધર્મેશ એચ. બારોટ | હાજર |
| ૧૯. | શ્રી જગદીશ ભોગીલાલ ભાવસાર | હાજર |
| ૨૦. | શ્રી સતીષકુમાર નટવરલાલ પટેલ | ગેરહાજર |
| ૨૧. | શ્રી જયંતિભાઇ માધાભાઇ પટેલ | હાજર |
| ૨૨. | શ્રી કેતન ડી. દેસાઇ | ગેરહાજર |

| | | |
|---|---|---|
| ૨૩. | શ્રી ભરતકુમાર પરસોત્તમભાઇ પટેલ | ગેરહાજર |
| ૨૪. | શ્રી કૌશિકકુમાર સુખલાલ જૈન | હાજર |
| ૨૫. | ડૉ. તેજસ ભરતકુમાર પટેલ | ગેરહાજર |
| ૨૬. | શ્રી અનિલકુમાર કેલ્લા | ગેરહાજર |
| ૨૭. | ડૉ. એચ.પી.ભાલોડીયા | ગેરહાજર |
| ૨૮. | શ્રી નવીન બી. વસોયા | ગેરહાજર |
| ૨૯. | શ્રી નાણાવટી દેવાંગ સુધીરભાઇ | ગેરહાજર |
| ૩૦. | શ્રી અનિરુધ્ધભાઇ એસ. પટેલ | ગેરહાજર |
| ૩૧. | શ્રી જનકભાઈ રાવજીભાઈ પટેલ | ગેરહાજર |
| ૩૨. | શ્રી કિશોરકુમાર કાન્તીલાલ ચૌધરી | ગેરહાજર |
| ૩૩. | ડૉ. રમેશભાઈ જે. ચૌધરી | હાજર |
| ૩૪. | શ્રી ભીખાભાઇ ચેલાભાઇ ચૌધરી | હાજર |
| ૩૫. | શ્રી મહાવીરસિંહ બનેસંગભાઇ ડાભી | હાજર |
| ૩૬. | ડૉ. ધરમસિંહ બી. દેસાઇ | હાજર |
| ૩૭. | શ્રી દિગ્વીજયસિંહ ઘનશ્યામસિંહ ગોહેલ | ગેરહાજર |
| ૩૮. | શ્રી દિપકકુમાર કાંન્તિલાલ શેઠ | હાજર |
| ૩૯. | શ્રી જયેશ એમ. સોલંકી | હાજર |
| ૪૦. | શ્રી હંસરાજ ભોગીલાલ વસાવા | ગેરહાજર |
| ૪૧. | શ્રી ઉર્મિલાબેન છત્રસિંહ બારીયા | હાજર |
| ૪૨. | શ્રી આનંદ શીવરામ બિજોય | ગેરહાજર |
| ૪૩. | શ્રી મુકેશ હરિપ્રસાદ ખટીક | હાજર |
| ૪૪. | શ્રી હર્ષદકુમાર અમથાભાઇ પટેલ | ગેરહાજર |
| ૪૫. | શ્રી ધવલકુમાર રમણભાઇ પટેલ | હાજર |
| ૪૬. | શ્રી અરવિંદકુમાર કેશુભાઇ ચૌધરી | ગેરહાજર |
| ૪૭. | શ્રી જેશલવિર જગદીશચંદ્ર જોશી | ગેરહાજર |
| ૪૮. | શ્રી નૈનેશ રાજેન્દ્રભાઈ મોદી | ગેરહાજર |
| ૪૯. | શ્રી મહેશકુમાર ચતુરભાઇ પટેલ | ગેરહાજર |
| ૫૦. | શ્રી વિજયકુમાર રમણભાઇ પટેલ | હાજર |

| | | |
|---|---|---|
| ૫૧. | શ્રી અવિનાશ જસવંતલાલ શાહ | હાજર |
| ૫૨. | શ્રી રાજેન્દ્રકુમાર મગનલાલ જાદવ | હાજર |
| ૫૩. | શ્રી દેવેન્દ્રસિંહ ડી. ઝાલા | હાજર |
| ૫૪. | શ્રી દેવ્યાની આર. તિપરે | હાજર |
| ૫૫. | શ્રી કૌશિકકુમાર ચીમનલાલ રાવલ | હાજર |
| ૫૬. | શ્રી દિપક ગુણવંતરાય શુક્લા | ગેરહાજર |
| ૫૭. | શ્રી મયુરી હિમાંશુ પંડ્યા | હાજર |
| ૫૮. | ડૉ. કલ્પેશ અમૃતલાલ શાહ | ગેરહાજર |
| ૫૯. | ડૉ. ભાવેશ એમ. વ્યાસ | હાજર |
| ૬૦. | શ્રી અશ્વિનકુમાર જસવંતલાલ પટેલ | હાજર |
| ૬૧. | શ્રી બડાસાબ એસ. સૈયદ | ગેરહાજર |
| ૬૨. | શ્રી હરપાલસિંગ છનાસિંગ સરદાર | ગેરહાજર |
| ૬૩. | શ્રી હરેન રમેશભાઇ શુક્લા | હાજર |
| ૬૪. | શ્રી જશવંતભાઇ હરિભાઇ ઠક્કર | હાજર |
| ૬૫. | શ્રી મૌલિક રશેષકુમાર દેસાઇ | હાજર |
| ૬૬. | શ્રી રોનક ડી. રાણા | ગેરહાજર |
| ૬૭. | ડૉ. બંકિમ જયકિશન મિસ્ત્રી | ગેરહાજર |
| ૬૮. | શ્રી જગદીશ સરદારસિંગ ચૌધરી | હાજર |
| ૬૯. | શ્રી મહિપતસિંહ દાનસિંહ ચાવડા | હાજર |
| ૭૦. | ડૉ. નિરજા અરૂણ ગુપ્તા | હાજર |
| ૭૧. | ડૉ. ગીતાબેન પ્રાણલાલ મહેતા | હાજર |
| ૭૨. | ડૉ. મહેશકુમાર ભુલાભાઇ પટેલ | હાજર |
| ૭૩. | શ્રી મનોજ રાવજીભાઇ પટેલ | હાજર |
| ૭૪. | શ્રી નીતીનકુમાર માધવજીભાઇ પેથાણી | હાજર |
| ૭૫. | ડૉ. જયવંતસિંહ અકુભા સરવૈયા | ગેરહાજર |
| ૭૬. | શ્રી ગોપાલ રામનાથ શર્મા | હાજર |
| ૭૭. | શ્રી વલ્લભભાઇ ગોવિંદભાઇ વાઢેલ | ગેરહાજર |
| ૭૮. | શ્રી ચતુરભાઇ પ્રભુદાસ પટેલ | ગેરહાજર |

| | | |
|---|---|---|
| ૭૯. | શ્રી પ્રાણજીવન ચીમનલાલ શાહ | હાજર |
| ૮૦. | શ્રી હરેશકુમાર ભૂપતભાઇ વાઢેલ | ગેરહાજર |
| ૮૧. | શ્રી ભાનુકુમાર ખુમજી જૈન | ગેરહાજર |
| ૮૨. | શ્રી વિમલકુમાર શીવશંકર જોષી | હાજર |
| ૮૩. | શ્રી કનુભાઇ પૂજાભાઇ પટેલ | હાજર |
| ૮૪. | શ્રી રમેશભાઇ ગોકલભાઇ પટેલ | હાજર |
| ૮૫. | શ્રી વસંતકુમાર મહેન્દ્રકુમાર પટેલ | ગેરહાજર |
| ૮૬. | શ્રી અલ્પેશ જશવંતરાય રાવલ | હાજર |
| ૮૭. | શ્રી રૂતેશ રમણીકલાલ શાહ | હાજર |
| ૮૮. | શ્રી દિલીપકુમાર કનૈયાલાલ ત્રિવેદી | હાજર |
| ૮૯. | શ્રી રૂષિકેશ વીપીનચંદ્ર મહેતા | હાજર |
| ૯૦. | શ્રી દિલીપ અમૃતલાલ મેવાડા | હાજર |
| ૯૧. | શ્રી લક્ષ્મીકાન્ત શીવદયાલ પાઠક | હાજર |
| ૯૨. | ડૉ. ભરત જે. શાહ | હાજર |
| ૯૩. | શ્રી ગોપાલ રમેશચંદ્ર ભટ્ટ | હાજર |
| ૯૪. | શ્રી સૌરભ ચંદ્રકાન્ત ચોકસી | ગેરહાજર |
| ૯૫. | શ્રી ઘનશ્યામ નાનાલાલ પટેલ | હાજર |
| ૯૬. | શ્રી અશ્વિનકુમાર અંબાલાલ પુરોહિત | હાજર |
| ૯૭. | શ્રી શંકરસિંહ રામસિંહ રાણા | ગેરહાજર |
| ૯૮. | શ્રી હરજીતસિંહ દર્શનસિંહ શીખ | ગેરહાજર |
| ૯૯. | શ્રી પ્રદ્યુમનભાઇ સી. ઉપાધ્યાય | ગેરહાજર |
| ૧૦૦. | ડૉ. મિહિર એન. શાહ | ગેરહાજર |
| ૧૦૧. | શ્રી દિવ્યરાજ સુરેશભાઇ ગઢવી | હાજર |
| ૧૦૨. | શ્રી નિસર્ગ જયેશકુમાર વ્યાસ | હાજર |
| ૧૦૩. | શ્રી દિપકકુમાર ભરતભાઇ બારોટ | હાજર |
| ૧૦૪. | શ્રી તપનસિંહ પ્રવિણસિંહ ગોહેલ | હાજર |
| ૧૦૫. | શ્રી યોગેશકુમાર પ્રવિણભાઇ કલ્સરીયા | હાજર |
| ૧૦૬. | શ્રી મિરાજ ગીરીશભાઇ ચૌધરી | હાજર |

| | | |
|---|---|---|
| ૧૦૭. | શ્રી યશવંતસિંહ વેલુભા વાઘેલા | હાજર |
| ૧૦૮. | શ્રી આનંદસિંહ કિરીટસિંહ રાણા | હાજર |
| ૧૦૯. | શ્રી જતીનકુમાર કિરીટભાઇ ડામોર | હાજર |
| ૧૧૦. | શ્રી ગોવિંદભાઇ જે. ચૌધરી | હાજર |
| ૧૧૧. | શ્રી હરીશભાઇ મનસુખભાઇ પારેખ | હાજર |
| ૧૧૨. | શ્રી પ્રનીત કે. નાણાવટી | હાજર |
| ૧૧૩. | શ્રી મૌલિન બી. શાહ | હાજર |
| ૧૧૪. | ડૉ. નીતીનકુમાર ડી. શાહ | હાજર |
| ૧૧૫. | ડો. મહેશભાઇ બી. પટેલ | હાજર |
| ૧૧૬. | ડૉ. કુ. નીશા કે. શાહ | હાજર |
| ૧૧૭. | ડૉ. શ્રીમતી સવિતા આર. ગાંધી | હાજર |
| ૧૧૮. | પ્રો. વિજ્યાલક્ષ્મી ચારી | હાજર |
| ૧૧૯. | શ્રી ડૉ. દીનાનાથ એસ. શર્મા | હાજર |
| ૧૨૦. | શ્રી વી. એ. રાણા | હાજર |
| ૧૨૧. | ડૉ. ગૌરાંગ ટી. જાની | ગેરહાજર |
| ૧૨૨. | શ્રીમતી હીના શાહ | ગેરહાજર |
| ૧૨૩. | પ્રો. જે. એન. ગોસ્વામી | ગેરહાજર |
| ૧૨૪. | શ્રી નરહરિ એચ. અમીન | હાજર |
| ૧૨૫. | શ્રી ઇન્દ્રવિજયસિંહ ગોહેલ | હાજર |
| ૧૨૬. | શ્રી હિમાંશુ વી. પટેલ | હાજર |
| ૧૨૭. | ડૉ. મનીષ એમ. દોશી | ગેરહાજર |
| ૧૨૮. | શ્રી આશિષ સી. અમીન | ગેરહાજર |
| ૧૨૯. | શ્રી શેખ શાહનવાઝ અબ્દુલરહેમાન | ગેરહાજર |
| ૧૩૦. | શ્રી પાર્થિવ રાજસિંહ કઠવાડિયા | હાજર |
| ૧૩૧. | ડૉ. શ્રીમતિ કામ્યાની માથુર | હાજર |

સભાની શરૂઆતમા પ્રમુખસ્થાનેથી નીચેનો શોકદર્શક પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો હતો:

" ગુજરાત યુનિવર્સિટી કોર્ટ (સેનેટ)ની આ સભા ગુજરાત યુનિવર્સિટીના નામી-અનામી અધ્યાપકો, કર્મચારીઓ અને વિદ્યાર્થીઓના દુ:ખદ અવસાનથી ઉંડા શોક અને આઘાતની લાગણી અનુભવે છે."

ઉપરનો શોકદર્શક પ્રસ્તાવ સભાગૃહે ઉભા થઈને બે મિનિટનું મૌન પાળી શ્રધ્ધાંજલિ અર્પી પસાર કર્યો હતો.

કામકાજની યાદી પરની બાબતોની વિચારણા હાથ ધરતા પહેલાં પ્રમુખશ્રી દ્વારા સભ્યશ્રીઓને આવકારીને અભિવાદન કરવામાં આવ્યું હતું.

પ્રમુખસ્થાનેથી માન.કુલપતિશ્રીએ સભ્યશ્રીઓનું ધ્યાન દોરતા જણાવ્યું હતું કે લોકસભાની ચુંટણીના સંદર્ભમાં હાલમાં ચાલી રહેલી ચૂંટણી આચારસંહિતાને ધ્યાનમાં રાખીને સેનેટની મીટીંગ યોજવા દેવા માટેની આપણી વિનંતીને કલેકટર અને નાયબ જીલ્લા ચુંટણી અધિકારીશ્રીએ ગુજરાત યુનિવર્સિટીને પત્ર પાઠવીને શરતોને આધીન સેનેટની મીટીંગની કાર્યવાહી કરવાની મંજુરી આપી છે, જે પત્રની નકલ તમામ સભ્યશ્રીઓને આપવામાં આવેલી છેજ, તેમછતાં પ્રમુખશ્રીએ સભાગૃહમાં પત્ર વાંચી સંભળાવ્યો હતો.

તે પછી કામકાજની યાદીપરની નીચેની બાબતોની વિચારણા હાથ ધરવામાં આવી :

૧. (૧) તા.૩૦/૩/૨૦૧૩ના રોજ મળેલી યુનિવર્સિટી કોર્ટની વાર્ષિક સભાની કાર્યવાહીની નોંધ મંજૂર કરવા બાબત.

(૨) તા.૧૬/૯/૨૦૧૩ના રોજ મળેલી યુનિવર્સિટી કોર્ટની વાર્ષિક સભાની કાર્યવાહીની નોંધ મંજૂર કરવા બાબત.

(૩) તા.૨૭/૧૦/૨૦૧૩ના રોજ મળેલી યુનિવર્સિટી કોર્ટની વાર્ષિક સભાની કાર્યવાહીની નોંધ મંજૂર કરવા બાબત.

**ઠરાવ તા.૩૦/૩/૨૦૧૩નાં રોજ મળેલી વાર્ષિક સભાની તેમજ તા.૧૬/૯/૨૦૧૩ અને તા.૨૭/૧૦/૨૦૧૩નાં રોજ મળેલી સામાન્ય સભાની કાર્યવાહીની નોંધ મંજૂર કરવામાં આવી અને તે પર પ્રમુખશ્રીએ સહી કરી.**

૨. ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૫૦* તથા સ્ટે.૯૦+ અનુસાર તા.૩૧મી માર્ચ, ૨૦૧૩ના રોજ પૂરા થતા વર્ષના યુનિવર્સિટીના ૬૩મો વાર્ષિક હેવાલ પર વિચારણા કરવા બાબત.

એકિઝક્યુટિવ કાઉન્સિલ તરફથી નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની ડો. જસવંતભાઇ એચ. ઠક્કરે નોટિસ આપી છે :

"તા.૩૧ માર્ચ, ૨૦૧૩ના રોજ પૂરા થતા વર્ષ દરમિયાનના ગુજરાત યુનિવર્સિટીના ૬૩મા વાર્ષિક હેવાલ પર યુનિવર્સિટી કોર્ટની આ સભા વિચારણા કરી નોંધ લે છે."

**ઠરાવ સદરહુ પ્રસ્તાવ ડો. જસવંતભાઇ ઠક્કરે રજૂ કર્યો, તેને ડો. જગદીશભાઇ ભાવસારે ટેકો આપ્યો.**

**તે પર મત લેવામાં આવતા, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

આ તબક્કે શ્રી ઇન્દ્રવિજયસિંહ ગોહેલે સુચન કર્યું હતું કે સેનેટ પરના વિધ્યાર્થી પ્રતિનિધિઓની ટર્મ એક વર્ષની હોય છે માટે સૌ પ્રથમ વિધ્યાર્થી પ્રતિનિધિઓને તેમની ફેકલ્ટીના પ્રશ્નો રજુ કરવા માટે પાંચ-પાંચ મીનીટનો સમય ફાળવવામાં આવે, જેનો સ્વીકાર કરવામાં આવ્યો હતો અને વિધ્યાર્થી પ્રતિનિધિઓને તેમના પ્રશ્નો રજુ કરવાની તક આપવામાં આવી હતી, જેમાં ખાસ કરીને કેન્દ્રીય ધોરણે પ્રવેશની કામગીરી હાથ ધરવા, સેમેસ્ટર પધ્ધતિ દુર કરવા, હોસ્ટેલ્સનું સમારકામ, રસ્તા રીપેરીંગ, કોલેજો ધ્વારા ઉઘરાવવામાં આવતી વધારે પડતી ફી, સીલેબસ વેબસાઇટપર મુકવા સહિતના પ્રશ્નો રજુ કરવામાં આવ્યા હતા.
માન. કુલપતિશ્રીએ વિધ્યાર્થી પ્રતિનિધિઓએ રજુ કરેલા વિવિધ પ્રશ્નોનો સુચનો તરીકે નોંધ લઇને તાકિદે તેના ઉકેલની દિશામાં કાર્યવાહી કરવાની ખાત્રી આપી હતી.

ત્યારબાદ કામકાજની યાદી પરની બાકી રહેલી નીચેની બાબતોની વિચારણા હાથ ધરવામાં આવી :

3. ૨૦૧૨-૨૦૧૩ના વર્ષના યુનિવર્સિટીના હિસાબો અંગે બોર્ડ ઓફ એકાઉન્ટસના હેવાલ પર વિચારણા કરવા બાબત.
એકિઝક્યુટિવ કાઉન્સિલ તરફથી નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની ડો. કૌશિકકુમાર એસ. જૈને નોટિસ આપી છે:

"આ સભા સને ૨૦૧૨-૨૦૧૩ના યુનિવર્સિટીના હિસાબો અંગેના બોર્ડ ઓફ એકાઉન્ટસના હેવાલની નોંધ લે છે."

**ઠરાવ** **સદરહુ પ્રસ્તાવ ડો. કૌશિકકુમાર એસ. જૈને રજૂ કર્યો, તેને ડો. ધવલભાઇ પટેલે ટેકો આપ્યો.**

**તે પર મત લેવામાં આવતા, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

૪. ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૪૯ તથા સ્ટે.૮૯ અનુસાર ગુજરાત યુનિવર્સિટીનું સને ૨૦૧૪-૨૦૧૫ના અંદાજપત્ર તથા સને ૨૦૧૩-૨૦૧૪ના પુનર્નિર્મિત અંદાજપત્ર પર વિચારણા કરવા બાબત.

એક્ઝિક્યુટિવ કાઉન્સિલ તરફથી નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની ડૉ. નિશા કે. શાહે નોટિસ આપી છે :

"ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૨૦ની પેટાકલમ (૫) અનુસાર એક્ઝિક્યુટિવ કાઉન્સિલે યુનિવર્સિટી કોર્ટ સમક્ષ રજૂ કરેલા સને ૨૦૧૪-૨૦૧૫ના અંદાજપત્ર તથા સને ૨૦૧૩-૨૦૧૪ના પુનર્નિર્મિત અંદાજપત્ર પર યુનિવર્સિટી કોર્ટની આ સભા વિચારણા કરી તેની નોંધ લે છે."

**ઠરાવ** **સદરહુ પ્રસ્તાવ ડૉ. નિશા કે. શાહે રજૂ કર્યો, તેને શ્રી યોગેશભાઇ પારેખે ટેકો આપ્યો.**

**તે પર મત લેવામાં આવતા, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

**નીચેના પ્રસ્તાવોની સૂચન તરીકે નોંધ લેવામાં આવી :**

**ડૉ.વિમલ એસ.જોષી સેનેટ મેમ્બરે નીચેના પ્રસ્તાવો રજૂ કરવાની નોટીસ આપી છે.:**

૧: ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન ઘણી બધી કોલેજોમાં આચાર્યોની નિયમિતપણે ભરતી થયેલી ન હોઇ ઇન્ચાર્જ આચાર્યશ્રીઓ દ્વારા કોલેજો ચાલે છે. તો આચાર્યોની નિમણૂંક કેન્દ્રીયકૃત સમાલાપ પધ્ધતિથી કરવાના બદલે અગાઉની માફક મેનેજમેન્ટ દ્વારા જાહેરાત આપીને કરવામાં આવે તો આ પ્રશ્ન હલ થાય એમ હોઇ આ બાબતે સરકારશ્રીમાં રજૂઆત/ભલામણ કરવી તથા યુ.જી.સી.ની /સરકારશ્રીની જે તે વખતની લાયકાતના ધોરણ અનુસાર સીધી નિમણૂંક પામેલા વર્તમાન કાર્યરત આચાર્યોને યુ.જી.સી.ના APIના માપદંડમાંથી મુકિત આપવા યુનિવર્સિટીના નિયમોમાં જરૂરી સુધારા વધારા કરવા તથા આ વખતે સરકારશ્રીમાં રજૂઆત/ભલામણ કરવી જોઇએ તે બાબત સવિનય ધ્યાન પર લેવી.

૨: જે અધ્યાપક કોલેજોમાં ઇન્ચાર્જ આચાર્ય તરીકે ફરજ બજાવે છે, તેઓને સરકારશ્રીના કર્મચારીઓને મળે છે તે ધોરણે ચાર્જ એલાઉન્સ સરકારશ્રી દ્વારા મળવું જોઇએ તે બાબતે દરખાસ્ત કરવા અનુરોધ.

૩: યુ.જી.સી.ની /ગુજરાત સરકારશ્રીની વખતોવખતની શૈક્ષણિક લાયકાત તથા અનુભવના આધારે આપણી યુનિવર્સિટી સંલગ્ન જુદી જુદી કોલેજોમાં ફરજ બજાવતા તા.૧-૧-૨૦૦૬ પહેલા અને તા.૧-૧-૨૦૦૬ પછી નિમાયેલા આચાર્યોના લઘુતમ પગારધોરણમાં સરકારશ્રીના શિક્ષણ વિભાગના તા.૧-૮-૨૦૧૩ના સરકારી ઠરાવના લીધે ઉભો થયેલો વિરોધાભાસ દૂર કરવા સરકારશ્રીમાં ઉચ્ચસ્તરે રજૂઆત/ભલામણ કરવી જોઇએ કે જેથી કોલેજના આચાર્યોમાં/શૈક્ષણિક જગતમાં સંવાદિતા જળવાય.

૪: સેમેસ્ટર પધ્ધતિના અમલીકરણના કારણે વિજ્ઞાન કોલેજોમાં પ્રાયોગિક પરીક્ષાના મહેનતાણામાં આચાર્યોને થઇ રહેલો અન્યાય સત્વરે ધ્યાન પર લઇ જરૂરી પરિપત્રનો યોગ્ય અમલ થાય એવું કરવું તથા જરૂર પડે તો નવો સુધારા સાથેનો બીજો પરિપત્ર બહાર પાડવો.

૫: ચોઇસ બેઇઝડ ક્રેડિટ સિસ્ટમના અમલના કારણે જે કોલેજોમાં વિષય પસંદગી માટે વધારાના વિષયો જેવા કે સોફટ સ્કીમ અને ફાઉન્ડેશન કોર્સના અધ્યાપકો કોલેજમાં ઉપલબ્ધ ન હોય તો તેવા વિષયો ભણાવવા માટે બહારથી મુલાકાતી અધ્યાપકોને બોલાવી શિક્ષણકાર્ય કરવું પડતું હોઇ વિધાર્થીદીઠ વિષયદીઠ રૂ.૧૦૦/- (અંકે રૂપિયા સો પૂરા) ફી લેવાની કોલેજોને છૂટ આપતો પરિપત્ર કરવો જોઇએ.

૬: પરીક્ષાના મહેનતાણાના દરમાં થયેલા સુધારા વખતે કોલેજોના વહીવટી સ્ટાફ અને લેબોરેટરી સ્ટાફના મહેનતાણાના દરમાં થોડીક વિસંગતતા જણાય છે, તો જુના નિયમો પ્રમાણે એકરૂપતા આપવા જરૂરી પરિપત્ર થાય તો વહીવટી-લેબોરેટરી સ્ટાફમાં પણ સંવાદિતાનું વાતાવરણ પેદા થાય.

**શ્રી નિસર્ગ વ્યાસ સેનેટ મેમ્બરે નીચેના પ્રસ્તાવો રજૂ કરવાની નોટીસ આપી છે.:**

૭: બધા જ વિધાર્થીઓને માંગણી મુજબ ઉત્તરવહીની નકલ મળવી જોઇએ.

૮: ડીપાર્ટમેન્ટ તથા કોલેજમાં શૈક્ષણિક તથા બિન-શૈક્ષણિક કર્મચારીઓનો સ્ટાફ વધારવો.

૯: દરેક કોલેજ તથા ડીપાર્ટમેન્ટમાં જોબ પ્લેસમેન્ટ સેલની રચના કરવી જોઇએ જેથી વિધાર્થીઓને જોબ મળે.

૧૦: યુનિવર્સિટી દ્રારા પરીક્ષાનું ટાઇમ ટેબલ તથા રીઝલ્ટની તારીખ પહેલેથી નિશ્ચિત કરવી.

૧૧: U.G.C. દ્રારા આવતી રીચર્સ ગ્રાન્ટનો પૂરો ઉપયોગ થવો જોઇએ તથા Ph.D. કરતા વિધાર્થીઓને Stipend મળે તેવી વ્યવસ્થા ગોઠવવી.

૧૨: લાઇબ્રેરીમાં પુસ્તક આપ-લેનો સમય લેકચરના સમય કરતા અલગ એટલે કે સવારે ૯ વાગ્યાથી શરૂ થવો જોઇએ.

૧૩: જે સેમિસ્ટરમાં A.T.K.T. આવી હોય તે સેમિસ્ટરની A.T.K.T.ની પરીક્ષા નેકસ્ટ સેમિસ્ટરની પરીક્ષા પહેલા હોવી જોઇએ.

૧૪: મેડીકલ,ડેન્ટલ તથા અન્ય ડીપાર્ટમેન્ટો તથા કોલેજોમાં થતા રેગિંગ કરનારા લોકો સામે કડક કાર્યવાહી કરવી જોઇએ.

૧૫: દરેક ડીપાર્ટમેન્ટ તથા કોલેજોમાં ગર્લ્સ રૂમ તથા કોમ્પ્યુટર લેબ. ફરજીયાત હોવી જોઇએ.

૧૬: વિધાર્થી પ્રતિનિધિઓને કુલપતિને મળવા માટે પડતી મુશ્કેલીઓ દુર થવી જોઇએ.

૧૭: માર્કશીટ,ડિગ્રી સર્ટીફિકેટ અને પ્રોવિઝનલ ડિગ્રી સર્ટીફિકેટમાં વપરાતો કાગળ સારી ક્વોલીટીનો હોવો જોઇએ.

૧૮: હોસ્ટેલ સ્વચ્છતા,ઇલેકટ્રીસીટી,ટોઇલેટ અને ૨૪ કલાક પાણીની વ્યવસ્થા કરવી.

૧૯: યુનિવર્સિટીના દરેક ભવનોમાં પીવાના પાણી માટે આર.ઓ.સીસ્ટમ હોવી જોઇએ.

**પ્રો.જયેશ એમ.સોલંકી સેનેટ મેમ્બરે નીચેના પ્રસ્તાવો રજૂ કરવાની નોટીસ આપી છે:**

૨૦: ગુજરાત યુનિવર્સિટીમાં આર્ટસ વિધાશાખામાં ચાલતા કોમ્પ્યુટર વિષય (SE-I/SE-II)ના સંદર્ભમાં ગત ગુજરાત યુનિવર્સિટીની કોર્ટની સાધારણ વાર્ષિક સભા તા.૨૪-૩-૨૦૧૩ના રોજ યોજાયેલ હતી તેમાં કોમ્પ્યુટર વિષયને મુખ્ય વિષય તરીકે દાખલ કરવાનો લેખિત પ્રસ્તાવ મુકેલ હતો.તે મંજુર કરેલ છે કે નહી? તે જણાવશો અને જો આ પ્રસ્તાવને મંજૂર ન કરેલ હોય તો તેનું કારણ જણાવશો.? જો આ પ્રસ્તાવને મંજુર ના કરેલ હોય તો આર્ટસમાં કોમ્પ્યુટરને મુખ્ય વિષયને આજના સમયની જરૂરીયાત મુજબ અને વિધાર્થીઓના હિતમાં દાખલ કરવાનો ફરીથી પ્રસ્તાવ કરૂ છું.

૨૧: ગુજરાત યુનિવર્સિટીમાં આર્ટસ વિધાશાખામાં ચાલતા કોમ્પ્યુટર વિષય (SE-I/SE-II) જે ચાલે છે. તેના અભ્યાસક્રમમાં Logical, Technical અને Typographiscal ક્ષતિઓ રહેલ છે,તે જણાવવામાં આવ્યું હતું અને વારંવાર ધ્યાન પણ દોરવામાં આવ્યું હતું. તેના સંદર્ભમાં કોમ્પ્યુટર એડહોક બોર્ડની તાત્કાલિક મિટીંગ બોલાવી અને આજના સમયની જરૂરીયાત મુજબ આ અભ્યાસક્રમમાં સુધારા-વધારા કરવા માટેની દરખાસ્ત કરૂ છું.

ત્યારબાદ પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેનો પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો :

૨૨: **એકિઝકયુટિવ કાઉન્સિલના મેમ્બર ડો. એન. ડી. શાહે તા.૨૧/૧૦/૨૦૧૩નાં રોજ મળેલ એકેડેમિક કાઉન્સિલ અને એકિઝકયુટિવ કાઉન્સિલની સભામાં ડેવલપમેન્ટ ફંડ બાબતે ઓર્ડિ.૧૨૦(b)(x) પછી નીચેની જોગવાઇ ઉમેરીને ઓર્ડિ. ૧૨૦ (B) માં કરેલ સુધારાને મંજુરી આપતા કરવામાં આવેલ ઠરાવને મંજુર કરવા અંગેનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો.**

<u>Add after Ordinance 120(b) (x)</u>:-

All applications for affiliation by Self Finance Colleges shall be accompanied by undertaking that on the grant of affiliation, the College shall make payment towards development fund per annum as prescribed herein below and shall continue to pay towards development fund maintained by the Gujarat

Univerity till the colleges continue to be affiliated to the Gujarat University. The Self Finance Colleges. already affiliated, shall also make payment in the manner as prescribed.

Every College applying for affiliation are required to make payment for development fund per annum on being granted affiliation as follow:-

| | | |
|---|---|---|
| 1 | Self Finance B.Com.,B.Sc., Arts i.e. B.A., LL.B. College | Rs.500/- per student per annum |
| 2 | Self Finance BBA College | Rs.1000/- per student per annum |
| 3 | Self Finance BCA College | Rs.1250/-Per student per annum |
| 4 | Self Finance Medical College i.e. MBBS | Rs.7.50 Lacs per annum |
| 5 | Self Finance Medical PG Course i.e. MD, MS | Rs.4 Lacs per annum |
| 6 | Self Finance Dental College i.e. BDS | Rs.5 Lacs per annum |
| 7 | Self Finance Dental PG Course i.e. MDS | Rs.4 Lacs per annum |
| 8 | Self Finance Homeapathy Colleges (BHMS) | Rs.5 Lacs per annum |
| 9 | Self Finance Nursing Colleges B.Sc.(N), Post Basic Nursing | Rs.5000/- per Student per annum |
| 10 | Self Finance Paysiotherapy Colleges (BPT & MPT) | Rs.5000/- per Student per annum |
| 11 | Sel Finance B.Ed. Colleges | Rs.1000/- per Student per annum |
| 12 | Self Finance M.Ed. Colleges | Rs.5000/-per Student per annum |

ઠરાવ સદરહુ પ્રસ્તાવ ડો. એન. ડી. શાહે રજૂ કર્યો, તેને ડો. ધવલભાઈ પટેલે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતા, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

હુકમથી
ડૉ.બી.વી.પટેલ
કા.કુલસચિવ